## ક્લાસિફાઈડ

### ૧૦. મહિલાઓ માટે

**ફક્ત ઘરઘંટીના ''મેકેનીક''**
દરેક પ્રકારની ઘરઘંટી રીપેરીંગ + પથ્થર + બ્લેડની એક્ષચેન્જ ઓફર - ૯૩૨૧૧૫૮૩૪૩, ૯૯૨૦૮૬૬૬૦૭. (૯૭૬-ડી)

**ચર્નીરોડમાં નટરાજ**
પ્રખ્યાત ઘરઘંટીનો શોરૂમ. યાશી માર્કેટિંગ, ૨૫૧ - ઠાકુરદ્વાર - ૨૨૦૫૬૯૪૮/ ૯૯૬૭૫૦૨૭૮૮. (બી-૭૬૭૨)

### ૧૨. યાત્રા સહેલગાહ

**પીકનીક**
**એક દિવસીય અને ઓવરનાઈટ, સાયલન્ટ, ગ્રેટ, રોયલ, પેરેડાઈઝ, માંડવી, લેકસીટી, ઈમેજીકા, એસેલવર્લ્ડ પાસપોર્ટ / ટીકીટ, સ્પેશ્યલ રેટ, ૯૩૨૩૨૦૨૭૩૧. (૭૫૬-એ)**

**GOA AIR 9,999/=**
Thailand 29,000/= Ticket, Accomodation Food sightseen. Contact - 7211195678. (982-G)

### ૧૪. નોકરી ખાલી છે

■ ગુજરાતી લેડી તથા ગુજરાતી કમ્પ્યુટર ઓપરેટર અર્જન્ટ જોઈએ છે. ટાઈમિંગ સવારે ૧૦ થી ૬ ગૃહકાર્ય માટે એક્સપર્ટ નરેન્દ્રભાઈ મોબાઈલ નંબર ૯૩૭૩૧૦૫૫૫૫. (બી-૭૭૬૮)

**મુલુંડમાં**
**લોજ માટે અનુભવી રસોઈયા અને વેઈટરો તાત્કાલિક જોઈએ છે ૯૯૬૭૯૯૫૮૮૮. (૧૦૦૫-એ)**

### ૧૭. જગ્યા આપવી છે

**સ્પેશ્યાલીસ્ટ**
**સોદાની ખાત્રી. રહેઠાણના / ધંધાદારીનાં. ભાડાના / વેચાણના. ઘાટકોપરથી ચેમ્બુર. ''ચિંતનભાઈ'' ૯૩૨૧૨૩૪૫૬૭. (૧૭-એ)**

**વરલી - લોઅરપરેલ**
લકઝુરીયસ ૨ બેડરૂમો ૪,૪૦,૦૦,૦૦૦/ - સ્વિમીંગ પુલ, ગાર્ડન, ૫ સ્ટાર અમીનીટીસ (૧૦% બુકીંગ ૯૦% પઝેશન) બીજા ઘણા પ્રપોઝલો. રાજનઃ ૮૮૭૯૯૫૩૫૨૬. (૯૦૮-એ)

**ઘાટકોપર**
નિલંકઠ વેલી, ૧ બેડરૂમ, હોલ કિચન રેડી પઝેશન, વેચાણથી. ૯૩૨૪૬૩૬૧૬૬. (૯૬૮/ડી)

**વસઈ/નાલાસોપારા**
અફોર્ડેબલ/ લકઝરીયસ ફલેટ લેવા, વેચવા, ભાડેથી. રાહુલ રાંદેરી ૯૨૨૩૩૮૭૩૧૧/ ૭૨૭૬૦૫૨૨૭૩. (૧૭૨૫-એચ)

**ગોવાલીયા ટેંક**
૨ બેડરૂમ (૫૫૦ કારપેટ) - ૨૯૦ લાખ (નેગોશીયેબલ) ઓનરશીપ - લીફટવાળી સોસાયટી - જૈન દેરાસરની સામે - ફૂલ હવાઉજાસ - ૯૬૧૯૬૪૯૦૮૮ - ૯૧૩૭૪૮૯૬૬૭. (બી-૭૭૨૭)

**મરીનડ્રાઈવ**
એફ રોડ, કારપેટ ૫૨૫' બે બેડરૂમ શક્ય, ઓનરશીપ, ગુજરાતી જૈન માટે, જૈન દેરાસરની બાજુમાં, રેડી પજેશન. ટે. નં. ૯૮૨૧૯૮૧૦૩૩. (૭૮૫૮)

**અંધેરી (વેસ્ટ)**
૧ અને ૨ બેડ નવા બિલ્ડિંગમાં રેડી પજેશન વીથ ઓ.સી. ૯૧૩૭૩૩૩૩૭૦/ ૯૧૩૬૫૫૭૯૦૩. (૮૫૮-બી)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ-વિરાર**
**સાતીવલી, વાલીવ, હાઈવે, કામણ, બાપાને, માલજીપાડા, ચંદનસાર, ઈન્ડસ્ટ્રીયલ ગાળા, શેડ, યુનીટ, પ્લોટ, લેવા, વેચવા, ભાડેથી, ગોપીભાઈ- ૯૯૭૦૫૬૧૩૬૩, જીતેન્દ્રભાઈ- ૯૩૭૨૦૯૮૪૬૫. (૩૭૦૩-આઈ)**

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

### ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે (વેસ્ટ)**
**બજાજ રોડ કાચવાળા બિલ્ડિંગમાં ઓફીસો ૪૭૫' ફરનીશ્ડ, ૨૨૩૦' લીવલાયસન્સથી આપવાની છે. અશ્વિન મર્ચન્ટ ૯૮૧૯૮૭૪૫૧૫ /૨૬૧૩૬૭૬૫. (૯૫૩-સી)**

### ૨૩. મનોરંજન

**''શુભારંભ''**
વ્યાજબી દરે દરેક પ્રકારના ''સંગીતમય કાર્યક્રમો'' માટે - ''રણજીત ડોસા'': ૯૮૨૧૧૭૨૨૨૩. (૯૯૪-એ)

**નાટક/મ્યુઝીકલ**
સોશ્યલ ગ્રુપઃ મુંબઈ - પાર્લા - મલાડ - બોરીવલીમાં એકવીસમાં વર્ષની મેમ્બરશીપ પાંચસોથી ૭૦૨૧૨૭૬૬૨૨. (૯૪૨-એ)

### ૩૨. જમીન-મિલકત

■ અમે તમને કાનૂની ખેડૂત બનાવીએ છીએ જે ફક્ત ૩૦,૦૦૦/- છે. કોંકણના કુદરતી વાતાવરણમાં કૃષિ ક્ષેત્રે લો અને ૫૦% ભરો, વેચાણ ખત કરો, સરળ હપતામાં ભરો. ૮૨૩૭૦૩૯૦૩૯ / ૮૦૮૭૦૬૫૦૬૫ / ૮૦૮૭૦૬૪૦૬૪. (૯૨૯-જી)

### ૩૩. ધંધાદારી

**કમ્પલીટ ઈન્ટીરીયર્સ**
બાથરૂમ અને કિચન સ્પેશ્યલાઈઝેશન સાથે કમ્પલીટ ઈન્ટીરીયર્સ એક્સપર્ટ રીનોવેશન ટીમ દ્વારા, બેસ્ટ વેલ્યુ ફોર મની. ૯૮૬૯૪૧૪૮૦૨. (૪૫૩/એ)

AKASH PACKERS MOVERS Local + Domestic shifting Door to Door Service 9223343698/ 9323144017. (767-A)

INDIA'S NO. 1 BRAND PART / Full Opportunity Training Provided - 9820769846. (999-C)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**પાશાજી**
મફત સલાહ ૨૪ કલાકમાં સમાધાન. કારોબાર, પ્રેમ-વિવાહ, ગૃહકલેશ, સૌતન/ દુશ્મન છૂટકારો, લક્ષ્મીબંધન ૯૮૧૯૩૨૬૮૯૬ (બાંદ્રા). (૮૫૭/સી)

**મહાદેવ જ્યોતિષ**
દરેક સમસ્યાનો નિકાલ. લગ્નમાં વિઘ્ન, શત્રુ, સૌતન સંતાન ત્રાસ. ૯૯૨૦૭૭૨૧૨૧. (૮૫૭-એ)

**સમ્રાટ જ્યોતિષ**
માની કૃપાથી જીવનની દરેક જટિલ સમસ્યાઓનું તત્કાળ નિવારણ. ૯૮૨૧૫૩૭૪૦૩, ૯૩૨૧૫૩૭૪૦૩. (૮૨૬/એ)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટકંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ. ૯૮૨૧૧૯૫૭૨૦ / ૯૭૭૩૨૨૬૬૭૫ / ૨૮૬૫૭૭૬૮ (કાંદિવલી). (૭૭૨-ડી)

**એસ પેસ્ટીસાઈડ**
(૧૯૯૩) સોસાયટીના સ્પેશ્યાલીસ્ટઃ ઉધઈ/ વાંદા/ માંકડ. કાંદિવલીઃ ૨૮૬૨૫૯૨૮/ ૨૮૬૨૫૯૨૯ ચીરાબજારઃ ૯૦૨૯૧૮૧૦૩૦. (૯૯૭-સી)

### ૪૬. વોટર પ્રુફિંગ

**લીકેજ સ્ટોપ**
ટેરેસ, પેરાફીટ વોલ, આઉટસાઈડ વોલ, ક્રેક છજ્જીયા, બાથરૂમ, વોટરટેન્ક, ડૉ. ફિક્સઈટ કેમિકલ ટ્રીટમેન્ટથી ૯૩૨૦૨૧૦૨૯૩ - ૯૦૦૪૫૭૩૩૧૨. (૯૯૦-એ)

### ૪૭. હેલ્થ અને ફિટનેસ

■ જયહિંદ મહાવીર સેનીટોરીયમ હેલ્થ રિસોર્ટ લોનાવાલા, મુંબઈ-પૂના જુના હાઈવે, વરસોલી ટોલનાકા ક્રોસ, માલવણી ધાબાની બાજુમાંથી થોડાક અંદર, ૯ એકર ખુલ્લામાં. રહેવા માટે ડબલ રૂમ રૂ. ૯૮૦/=, ડિલક્સ રૂમ રૂ. ૧૦૮૦/=, ડિલક્સ એ/સી રૂમ રૂ. ૧૪૮૦/= સાત દિવસનું પેકેજ એક ડબલ રૂમ રહેવાના ૬૩૦૦/= જમવા સાથે રૂ. ૧૦,૦૦૦/=. ડિલક્સ એ/સી રહેવાના ૮,૦૦૦/= જમવા સાથે રૂ. ૧૨૬૦૦/ = ફેમિલી બ્લોક, શાકાહારી ભોજન, જીમ દરરોજ વ્યાજબી ભાવે ચાલુ છે. એક રૂમમાં એક જણને મડપેક અથવા એનીમા કોમ્પલીમેનટરી મળશે. નેચરોપેથી, પંચકર્મા થેરેપી, મસાજ, શિરોધારા, મડબાથ, ફેશીયલ વગેરે ૪૦ પ્રકારની થેરપી બહુ જ વ્યાજબી ભાવે મળશે. સંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક, યોગા શિબીર માટે પ્રાથમિકતા મો. ૯૦૭૫૦૮૦૮૨૫/૮૪/૮૫. (૮૬૯/એ)

છેલ્લા પાનાનું ચાલુ

## ગુડ મોર્નિંગ

તરીકે પતિયાલાની જેલમાં રાખવામાં આવ્યો હતો. નવજોતના સાગરીત તરીકે ભુપિન્દર (કે રુપિન્દર) સિંહ સાંઢુનું નામ ખૂલ્યું હતું. નવજોતે કહ્યું હતું કે મને ખોટી રીતે આ કેસમાં ફસાવવામાં આવ્યો છે અને ગુરનામના કઝિને કહ્યું હતું કે હું આ બનાવનો સાક્ષી છું, નવજોતે જ ગુરનામને માર્યો છે અને સુપ્રીમ કોર્ટમાં જઈને સાક્ષી આપવા હું તૈયાર છું.

૨૦૦૬માં આ કેસમાં નવજોત સિંહ ગુનેગાર પુરવાર થયો. એને ત્રણ વર્ષની જેલની સજા થઈ. નવજોતે ૨૦૦૭માં સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી. સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો.

૧૯૮૮ની ૨૭ ડિસેમ્બરે નવજોત સિદ્ધુ અને એનો સાગરીત જિપ્સીમાં ટહેલવા નીકળ્યા હતા ત્યારે શેરાંવાલા ગેટ ક્રોસિંગ પર ૬૫ વર્ષીય ગુરનામ સિંહે એમને સાઈડ ન આપી ત્યારે આ બેઉએ ગુસ્સામાં આવીને ગુરનામને સારી પેઠે માર માર્યો હતો અને પછી જેવું લાગ્યું કે આ સિનિયર સિટીઝન મરી ગયો લાગે છે કે તરત ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ગુરનામને હૉસ્પિટલમાં લાવવામાં આવ્યો. એડમિટ કરતાં પહેલાં જ એને મૃત ઘોષિત કરવામાં આવ્યો.

ટીવી પર જોકરવેડા કરતો નવજોત સિદ્ધુ વર્ષો સુધી ભાજપમાં હોવા છતાં એનો કોઈ ભાવ પૂછતું નહોતું. શત્રુઘ્ન સિન્હા કરતાંય ખરાબ હાલત એની હતી જેનું કારણ એનું બેફામ બોલવાનું હતું. સિદ્ધુને કોઈની ટીકા કરતી વખતે બોલવાનું ભાન નથી રહેતું અને વખાણ કરતી વખતે પણ એ જમીન પર આળોટવા માંડે છે. કૉન્ગ્રેસના તાજેતરના અધિવેશન વખતે એણે માદીકરાની અને ભૂતપૂર્વ પ્રધાનમંત્રીની જે રીતે ભાટાઈ કરી તે જોઈ-સાંભળીને તમને રીતસરની ચીતરી ચડે. યુ ટ્યુબ પર શોધી લેજો.

નવજોત સિદ્ધુનો સુપ્રીમ કોર્ટમાં થયેલો છુટકારો વિવાદાસ્પદ છે. નિવૃત્તિના આરે માંડ થોડા દિવસ બાકી રહ્યા હોય ત્યારે જજ આવો ચુકાદો આપે તે વધુ વિવાદાસ્પદ છે. ચાર જજોની સાથે પ્રેસ કૉન્ફરન્સ કરીને સુપ્રીમ કોર્ટને બદનામ કરીને પોતે કૉન્ગ્રેસી લૉયર્સ સાથે કોઈક પ્રકારના સુંવાળા સંબંધો ધરાવે છે એવી છાપ ઊભી કરનારા જસ્ટિસ ચેલમેશ્વર આ ચુકાદાના સહભાગી છે તે હકીકત તો એથીય વધુ વિવાદાસ્પદ છે. અને સૌથી વધુ વિવાદાસ્પદ છે નવજોત સિદ્ધુનું ચુકાદા પછી તરત જ રાહુલ ગાંધીને જણાવવું કે માય લાઈફ ઈઝ ફોર યુ.

રાહુલ ગાંધીએ નવજોત સિદ્ધુને છોડાવવા માટે સુપ્રીમ કોર્ટના કેસમાં કેવી મદદ કરી હતી તે જાણવાનો આપણને હક્ક છે અને કોઈ ન જણાવે તો કલ્પના કરવાનો આપણને હક્ક છે.

## આજનો વિચાર

કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળાએ બેન્ગલોરના રાજભવનની બહાર પાટિયું લટકાવી દીધું છેઃ

'જે કોઈ પક્ષને સરકાર રચવા માટેનું આમંત્રણ જોઈતું હોય તે બધાને મળવા આવવાની છૂટ છે. પણ બપોરે ૧ થી ૪ દરમ્યાન કોઈએ આવવું નહીં. હું રાજકોટનો છું!'

- વૉટ્સએપ પર વાંચેલું

## એક મિનિટ!

કર્ણાટકનાં પરિણામ પછી.

રાહુલઃ અમિતભૈ, મારે સાહેબને મળવું છે.

અમિતભાઈઃ મોટાભાઈ બિઝી છે, શું કામ હતું?

રાહુલઃ એમને કહો ને કે મને ચા બનાવતાં શીખવાડે. ■

### ૫૦. વેચવાનું છે

■ જીઓ કંપની તિબેટ મળેલા ૩૯ તથા ૩૨ ઈંચ નવા પેટીપેક ટીવી વેચી નાખવાના છે નરેન્દ્રભાઈ. સિદ્ધિવિનાયક મંદિર રેસ્ટ હાઉસ નંબર ૧૫ પ્રભાદેવી દાદર મંદિરના અંદર ૯૩૭૩૧૦૫૫૫૫. (બી-૭૭૬૯)

### ૫૧. ખરીદવું છે

**WE BUY WATCHES**
Rolex, Omega, Tudor, AP, Cartier, Patek Philippe, Chopard Atul : 9820147144. (452-A)

### ૫૨. કુરીઅર્સ

■ પરદેશ પાર્સલ સર્વિસ - ચીપ્સ એક્સપ્રેસ પ્રા. લિ., ઓમ નગર, અંધેરી (ઈસ્ટ) મોબાઈલઃ ૦૯૮૯૯૦૩૬૨૫૭, ૦૯૩૨૦૦૯૫૬૩૨. (બી-૭૬૭૩)

## ડીપી

પર્યાવરણ પર વધુ દબાણ આવશે,' એમ સેનાએ જણાવ્યું હતું.

જોકે આ વિશે મુખ્ય પ્રધાન ફડણવીસે જણાવ્યું હતું કે મીઠાના અગરની જમીન ડેવલપ કરવાનો કોઇ પ્રસ્તાવ કેબિનેટમાં આવ્યો નથી અને શિવસેના ખોટી બુમરાણ મચાવે છે.

ગયા અઠવાડિયે મુંબઇ કૉંગ્રેસના પ્રમુખ સંજય નિરુપમે પણ મીઠાના અગરની અને નો ડેવલપમેન્ટ ઝોનની જમીન છૂટી કરવા સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીને લખેલા પત્રમાં નિરુપમે તેમને ફડણવીસ સરકારે લીધેલા નિર્ણયમાં મધ્યસ્થી કરવા અપીલ કરી હતી. મુંબઇ ડીપી ૨૦૩૪ મુજબ ૩૦૦ એકર મીઠાના અગરની જમીન ભારે ભરતી અને વરસાદના સમયે બફરનું કામ કરે છે. આ જમીન વાપરી નાખવામાં આવશે તો પર્યાવરણનું નિકંદન નીકળી જશે, એમ નિરુપમે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## નાળાસફાઈ

ખુરશી બચાવવા માટે આવા આરોપ કરતા હોવાનું કહીને ભાજપે મેયર પર નિશાન સાધ્યું હતું.

મુંબઈમાં ચોમાસા પહેલા નાળાની સફાઈ ચાલુ કરવામાં આવી છે. આ સફાઈના કામની મુલાકાત બુધવારે મેયર વિશ્વનાથ મહાડેશ્વરે લીધી હતી. એ સમયે તેમણે મેટ્રોને કામને કારણે મુંબઈમાં પાણી ભરાવાનું જોખમ હોવાનો મત વ્યકત કર્યો હતો.

રાજ્ય સરકારે વિકાસના નામ પર શહેરમાં ઠેકઠેકાણે ખાડા ખોદીને રાખી મૂક્યા છે. મુંબઈમાં મેટ્રોના કામ ચાલી રહ્યા છે અને આ કામ માટે વરસાદી પાણીનો નિકાલ કરનારી સ્ટ્રોમ વૉટર ડ્રેનેજ પાઈપલાઈનને ખોદી મૂકી હતી, તેને પૂર્વવત્ત કરવાની જવાબદારી સંબંધિત ઑથોરિટીની છે પણ તેના કામ થયા જ નથી. મેટ્રોના કામને કારણે મુંબઈ ડૂબી ગઈ તો તેની જવાબદારી પાલિકાની નહીં હોય એવી સ્પષ્ટતા આ સમયે તેમણે કરી હતી. મેયરના આરોપનું જોકે ભાજપ તરફથી તુરંત ખંડન કરવામાં આવ્યું હતું.

ભાજપના સુધરાઈના ગ્રુપ લીડર મનોજ કોટકે મેયરના આરોપ સામે જવાબ આપતા કહ્યું હતું કે, આ પહેલા મુંબઈ શું કોઈ દિવસ પાણીમાં ડૂબી નહોતી? ત્યારે કયાં મુંબઈમાં મેટ્રોના કામ ચાલતા હતા? બ્રિમસ્ટ્રોવર્ડ પ્રોજેકટમાં નાળાને પહોળા કરવાના કામ અધૂરા છે, પંપિંગ સ્ટેશનના કામ પણ પૂરા થયા નથી? નાળાસફાઈમાં ભ્રષ્ટાચાર હોવાનું ભાજપે જાહેર કર્યું હતું. ત્યારે રાજ્ય સરકારે દોષી ગણાવવાને બદલે નાળાસફાઈના કામ કેટલા થયા છે? કેટલો ગાળ બહાર કાઢયો છે એની જાહેરાત મેયરે કરવી જોઈએ કહીને શિવસેનાને સાણસામાં લેવાનો ભાજપે પ્રયાસ કર્યો હતો.

મુંબઈના મેયર મેટ્રોને કારણે મુંબઈ પાણીમાં ડૂબશે એવો ડર વ્યકત કરી રહ્યા છે. જે એક પ્રકારે ભ્રષ્ટ ઍન્જિનિયર અને કૉન્ટ્રેક્ટરોને સમર્થન આપવા જેવું છે. આવા મેયરોને સરકાર અને મેટ્રોના કામ બાબતે બોલવાનો અધિકાર નથી એવી ટીકા પણ મનોજ કોટકે કરી હતી. મેટ્રોના કામ જે ઝડપથી થઈ રહ્યા છે તે લોકોથી જોવાતું નથી અને તેને કારણે મનફાવે તેવા આરોપ તેઓ કરી રહ્યા છે. કરોડો રૂપિયા ખર્ચીને નાળાની સફાઈના કામ કરવામાં આવે છે તેથી તેને કારણે શહેરમાં પાણી ભરાય નહીં તેની ચિંતા મેયરે કરવી જોઈએ. મેટ્રોના કામ જોવા માટે મુખ્યમંત્રી સક્ષમ હોવાનું પણ તેમણે કહ્યું હતું. ■

## શંકાસ્પદ

ઇશારે કામ કરતો હોવાનું કહેવાય છે. મુંબઈ-ગુજરાતમાંથી યુવકોની પસંદગી કરી આતંકવાદ માટે તેમને તૈયાર કરવા પાકિસ્તાન બોલાવવાનું કામ દેવડીવાલાને સોંપાયું હતું. મિર્ઝાએ પૂછપરછમાં જણાવ્યું હતું કે તેને દુબઇથી ફલાઇટમાં પાકિસ્તાન મોકલાયો હતો. તેને બે જણ તાલીમ માટે કેમ્પમાં લઇ ગયા હતા. ત્યાં બોમ્બ બનાવવા, શસ્ત્રોનો ઉપયોગ, આત્મઘાતી હુમલાની તાલીમ મેળવી તે પાછો દુબઇ ગયો હતો અને ત્યાંથી મુંબઈ આવ્યો હતો. ■

## કાંદિવલી

રહેલી મહિલાની નજર વહેલી સવારે સાડાપાંચ વાગ્યાની આસપાસ રેફ્યુજી એરિયાની પાળ પર બેસેલી એક વ્યક્તિ તરફ ગઈ હતી. કહેવાય છે કે અંધારાને કારણે એ વ્યક્તિનો ચહેરો સ્પષ્ટ દેખાતો નહોતો, પરંતુ તેના માત્ર પગ પાળ પર હલતા હોવાનું દેખાયું હતું. આ અંગે મહિલાએ સિક્યોરિટી ગાર્ડને જાણ કરી હતી.

દસેક મિનિટ બાદ પણ એ વ્યક્તિ એ જ જગ્યાએ બેસેલી નજરે પડતાં મહિલાએ ફરી ગાર્ડનો સંપર્ક સાધ્યો હતો. ગાર્ડે કહ્યું હતું કે તેણે તેમના સુપરવાઈઝરને આ અંગે જાણ કરી હતી. જોકે બાદમાં છ વાગ્યાની આસપાસ એક રહેવાસી મૉર્નિંગ વૉક માટે નીકળી ત્યારે તેણે કંઈ પડવાનો અવાજ સાંભળ્યો હતો. અવાજની દિશામાં જોતાં કિશોર નીચે પટકાયો હોવાનું જણાયું હતું.

પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આ કિશોરે રાતે દોઢ વાગ્યા સુધી મિત્રો સાથે વાતચીત કરી હતી. મળસકે ત્રણ વાગ્યે તેણે ઈન્સ્ટાગ્રામ પર મેસેજ પોસ્ટ કર્યો હતો, જેમાં તેણે તમામ લોકોની માફી માગવા સંદર્ભેનું લખાણ લખ્યું હતું. કિશોરના અંતિમ પગલું ભરવા પાછળનું કારણ જાણવા પોલીસ તેના મોબાઈલ ફોન અને સોશિયલ મીડિયા એકાઉન્ટની તપાસ કરશે. ■

## ભરતી

ઈન્ફ્રાસ્ટ્રકચરની સુવિધા સુધારવા તથા ખેડૂતોના જનજીવન-રહેણીકરણી સુધારવાનો લક્ષ્યાંક છે. આ ખાલી પડેલી જગ્યાની ભરતી કરવાથી સરકારી પ્રશાસનની કામગીરી કરવામાં વધારે સરળતા ઊભી થશે, એવું ઉમેરતા વધુમાં જણાવ્યું હતું કે નવી ભરતીથી ખેતીવાડી ક્ષેત્રે તથા ખેડૂતોની સરકારી યોજનાઓનો લાભ આપવાનું વધુ ઝડપી બનશે. પ્રથમ તબક્કા હેઠળની કુલ ૩૬૦૦૦ ભરતીમાંથી સૌથી પહેલા ૧૧૦૦૫ જેટલી ભરતી ગ્રામીણ વિકાસ વિભાગ, ૧૦,૫૬૮ આરોગ્ય, ૭૧૧૧ ગૃ વિભાગ, ૨૫૭૨ કૃષિ સહિત અન્ય બાકી જગ્યાની ભરતી માટે એનિમલ હસ્બન્ડરી, પીડબલ્યુડી, વોટર કન્ઝર્વેશન તથા અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. (પીટીઆઈ) ■

## કચ્છ

સમાચાર'ને જણાવ્યું હતું. હાલમાં પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ-ભુજ (૨૨૯૦૪) સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન દોડાવવામાં આવે છે, જે ભુજથી બપોરે ચાર વાગ્યે ઉપડે છે અને મુંબઈ ખાતે વહેલી સવારે સાડાપાંચ વાગ્યે આવી જાય છે. કચ્છ ઍક્સપ્રેસને પણ આ જ ટાઈમ પર દોડાવવાની માગણી કરવામાં આવી હોવાનું શાહે વધુમાં જણાવ્યું હતું. કચ્છ ઍક્સપ્રેસમાં પાસહૉલ્ડરની સમસ્યા પણ હોવાને કારણે જો આ ટ્રેનનો સમય બદલાવવામાં આવશે તો પ્રવાસીઓની સાથે સાથે રેલવેને પણ રાહત થશે. રિઝર્વેશન કૉચમાં પાસધારકો બળજબરીથી ઘૂસીને પ્રવાસ કરે છે, જેને કારણે અનેક વખતે પ્રવાસીઓ અને પાસધારકો વચ્ચે વિવાદ પણ થાય છે.

ટાઈમ બદલાવવા ઉપરાંત કચ્છી પ્રવાસીઓ માટે મુંબઈ-ભુજ વચ્ચે બે ગરીબ રથ દોડાવવામાં આવે એવી માગણી પણ કરવામાં આવી હતી. પશ્ચિમ રેલવેના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સંઘને આ માગણીઓ બાબતે રેલવે પ્રશાસન દ્વારા પૂરતો વિચાર કરવામાં આવશે, એવું આશ્વાસન આપવામાં આવ્યું હતું. ■

## કોસ્ટલ રોડ

ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો છે. દરેક માટે અલગ અલગ બીડ મગાવવામાં આવી છે. હિંદુસ્તાન કન્સ્ટ્રકશન કંપની અને હ્યુન્ડાઇ ડેવલપમેન્ટ કોર્પોરેશનનું સંયુક્ત સાહસ પ્રથમ ભાગ (હાજી અલીથી વરલી) માટે બીડ જીતી ગઇ છે. આ ભાગ બાંધવાનો અંદાજિત ખર્ચ ૧,૬૬૧ કરોડ રૂપિયા થશે, પરંતુ કોન્ટ્રાક્ટરે ૩૦ ટકા વધુ ભાવની બીડ કરી હતી. બીજા બે ભાગની બીડ થોડા સમયમાં ખોલવામાં આવશે. ચોમાસા બાદ આ રોડનું કામ ચાલુ કરવામાં આવશે અને ચાર વર્ષમાં તેને પૂર્ણ કરવામાં આવશે. આ મહિનાની શરૂઆતમાં રિલાયન્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇટલીની અસ્ટાલડીને બાન્દ્રા-વર્સોવા સી લિંકનો ૧૦ કિલોમીટરનો પટ્ટો બાંધવાનો કોન્ટ્રાક્ટ ફાળવવામાં આવ્યો હતો. ■

## ચોખ્ખું ચણાક

અધિકારી, સ્વયંમ સંસ્થાએ રાતદિવસ કરેલા પ્રયાસને કારણે આ શક્ય હોવાની કબૂલાત પણ કમિશનરે કરી હતી. કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત મુંબઈ મહાનગરપલિકાએ પણ સ્વચ્છ મુંબઈની ઝુંબેશ હાથ ધરી હતી, જેમાં પાલિકા સહિત નાગરિકોના પ્રયાસને કારણે મુંબઈમાંથી પ્રતિદિન નીકળતા કચરાના પ્રમાણમાં ઘટાડો થયો હોવાનો દાવો પ્રશાસને કર્યો છે. વર્ષ ૨૦૧૫માં મુંબઈમાંથી પ્રતિદિન ૯ હજાર ૫૦૦ મેટ્રિક ટન કચરો નીકળતો હતો જેમાં હવે ઘટાડો થઈને દરરોજ નીકળતા કચરાનું પ્રમાણ સાત હજાર ૧૦૦ મેટ્રિક ટન પર લાવવામાં સફળતા મળી છે. જેમાં મુખ્યત્વે કચરાના વર્ગીકરણ, કચરામાંથી ખાતરનું નિર્માણ કરવું, જનજાગૃતિ વગેરેનો સમાવેશ થાય છે. એટલું જ નહીં પણ પાલિકા દ્વારા ઘરે ઘરે જઈને કચરો ભેગો કરવા પર ધ્યાન આપવાની સાથે જ અગાઉ ૩, ૩૧૪ સાર્વજનિક ઠેકાણે કચરો ભેગો કરવા માટે કેન્દ્ર હતા, તેની સંખ્યા હવે ૯૪૧ પર પહોંચી ગઈ છે. એ સાથે જ પાલિકા દ્વારા અનેક ઉદ્યાન, ઈમારત, હૉસ્પિટલ સહિત સ્થળો પર ૧૦૨૬ વર્મી કમ્પોસ્ટ ખાતર બનાવવાનો પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવ્યા છે. ૨૦ હજાર ચોરસ મીટર કરતા વધુ ક્ષેત્રફળ ધરાવતી સોસાયટી, ઈમારત જેવા સ્થળો પર દરરોજ ૧૦૦ કિલો કરતા વધુ કચરો નિકળતો હોય તેવી સોસાયટી, રૅસ્ટોરાં અથવા મૉલ જેવા સ્થળો પર કચરામાંથી ખાતર બનાવવાનો પ્રોજેકટ ઊભો કરવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે તેને કારણે કચરામાં ઘટાડો થયો હોવાનો દાવો પણ પ્રશાસને કર્યો છે. સુધરાઈ અનેક ઉપાય યોજના અમલમાં લાવી હતી જેમાં કચરાને લગતી ફરિયાદ કરવા માટે ૨૪ કલાક ચાલે એવું ઍપ પણ ચાલુ કર્યુ છે જે કેન્દ્ર સરકારના સ્વચ્છતા ઍપ સાથે જોડાયેલું છે. સ્વચ્છતા વિશે લોકોમાં જાગૃતી લાવવા માટે તમામ ૨૪ વૉર્ડમાં હૅલ્પ ડેસ્ક અને માર્ગદર્શન કેન્દ્ર પણ ચાલુ કર્યા છે. સાર્વજનિક સ્થળો લોકો શૌચ કરે નહીં તે માટે ૧,૬૯૦ સ્થળ પર કમ્યુનિટી શૌચાલય ઊભા કરવામાં આવ્યા છે. ૮૯૮ પે ઍન્ડ યુઝ શૌચાલય પણ બનાવવામાં આવ્યા છે. મોબાઈલ ટૉઈલેટ પણ ઊભા કરવામાં આવ્યા છે. એ સિવાય લોકો ખુલ્લામાં શૌચક્રિયા કરે નહીં તે માટે સવારના ચાર વાગ્યાથી સુધરાઈની 'ગુડ મૉર્નિંગ ટીમ' પણ કાર્યરત છે. સાર્વજનિક શૌચાલય શોધવા માટે 'ઍન્ડ્રૉઈડ ઍપ' પણ ચાલુ કરવામાં આવી છે.

## ભાયંદર

કરાયો હતો. દરમિયાન રવિ પૂજારીની ટોળકીના સાગરીતને દુબઈ પોલીસે તાબામાં લીધો હતો. આરોપીને બાદમાં ડિપોર્ટ કરી ભારત લવાયો હતો અને ૨ ઓગસ્ટ, ૨૦૧૩ના રોજ તેને ખંડણી વિરોધી શાખાને સોંપાયો હતો. મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે એમસીઓસીએ હેઠળ તેની ધરપકડ કરી હતી. ત્યાર બાદ ભાયંદર પોલીસે તેનો તાબો મેળવ્યો હતો. દરમિયાન બિલ્ડરને અપાયેલી સુરક્ષા ૨૦૧૫માં થાણે ગ્રામીણ પોલીસે હટાવી લીધા બાદ બિલ્ડરને ખંડણી માટે ફરી રવિ પૂજારી તરફથી ધમકીભર્યા ફોન આવવા લાગ્યા હતા. આખરે બિલ્ડરે ૧૫ મે, ૨૦૧૮ના રોજ ભાયંદર પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ફરિયાદ નોંધાવતાં ગુનો દાખલ કરાયો હતો.

## સંસ્થા સમાચાર

### શ્રી ગોવર્ધનનાથજી નવી હવેલી ટ્રસ્ટ

શ્રી ગોવર્ધનનાથજી નવી હવેલી ટ્રસ્ટ, ૩૫, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦ ૦૦૧, અધિક માસના ઉત્સવોનું આયોજન, જેઠ સુદ ૧, તા. ૧૬-૫-૨૦૧૮થી જેઠ સુદ ૧૫ તા. ૨૯-૫-૨૦૧૮ સુધી કરાયું છે. ૧૬-૫-૧૮, ૧૭-૫-૧૮ અને ૧૮-૫-૧૮ શ્રી શ્રીનાથજીબાવાના આઠ સમયના દર્શન તથા વર્ષ દરમ્યાન આવતા મનોરથોના દર્શનોની ઝાંખી, શ્રીજીબાવા પ્રથમ (૩) ત્રણ દિવસ દરમ્યાન આ ઝાંખી કરાવશે. દર્શનઃ સવારના ૯ થી ૧૨ અને સાંજના ૩.૩૦ થી ૭-૩૦. શ્રી ગોવર્ધનનાથજી હિંડોળામાં ઝૂલશે. દર્શનઃ સાંજના ૫-૩૦ થી ૭-૩૦. ૧૯-૫-૧૮ ગિરીકંદરામાંથી પ્રગટ થયા આપ શ્રી ગોવર્ધનનાથ રે, મારે મન વસીયા ઓ વ્રજરાજ મધુર વાહલો હસીયા રે, દર્શનઃ સવારના ૭ થી ૮. વિવિધ ફળ અને કેરીના બગીચામાં ફળોનો આસ્વાદ માણતા શ્રી ગોવર્ધનનાથજી. દર્શનઃ સાંજના ૫-૩૦ થી ૭-૩૦. ૨૦-૫-૧૮ વિવિધ પુષ્પોની રંગોળી વચ્ચે મીનાકારી બંગલામાં બિરાજતા શ્રી ગોવર્ધનનાથજી. દર્શનઃ સાંજના ૫-૩૦ થી ૭-૩૦.

### હવેલીમાં અધિક માસ નિમિત્તે મનોરથ

શ્રી ચંદાબેટીજી મહારાજ મદનમોહનજીની હવેલીમાં અધિક માસ નિમિત્તે નીચે મુજબના મનોરથ ઉજવાશે. સાંજના મનોરથનો સમય ૫-૩૦ થી ૬-૩૦ દરમિયાનનો રહેશે. ૧૬-૫-૧૮ના સવારે ગુલાબના પલના, સાંજે ગુલાબના. ૧૭-૫-૧૮ના સવારે રથમાં, સાંજે બંગલા. ૧૮-૫-૧૮ સાંજે કાચના હિંડોળામાં. ૧૯-૫-૧૮ સવારે ગૌચરણ, સાંજે કમલકી ફૂલમંડળી. ૨૦-૫-૧૮ સવારે ચાંદીના બંગલા, સાંજે ફૂલના શૃંગાર. ૨૧-૫-૧૮ સવારે છીપના બંગલા, સાંજે આમ્રકુંજમાં. ૨૨-૫-૧૮ સવારે ફૂલકી મંડળીમેં, સાંજે સઘન કંદરામાં. સ્થળઃ- શ્રી મદનમોહનલાલજીની હવેલી, શેઠશ્રી ધનજી મુલજી ભાટિયા નિવાસ, ૩૬, પી. એચ. પુરોહિત માર્ગ, રામ વાડી, કાલબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

### સ્વર્ગવાસી શ્રી રૂસી તોડીવાલાની સ્મૃતિ સભા

થિયોસોફિકલ ઓર્ડર ઓફ સર્વિસ, બોમ્બે થિયોસોફિકલ ફેડરેશન બ્લેવેટસ્કી લોજ અને મૈત્રિયા રાઉન્ડ ટેબલના ઉપક્રમે થિયોસોફિસ્ટ અને સેવાભાવી સમાજસેવક સ્વર્ગવાસી રૂસી તોડીવાલાને શ્રદ્ધાંજલિ આપવા સ્મૃતિ સભા રવિવાર તા. ૨૭મી મે, ૨૦૧૮ના દિને સવારે ૧૧-૩૦ કલાકે. બ્લેવેટસ્કી લોજ, ૭, ફ્રેન્ચ બ્રિજ, ઓફ એન. એસ. પાટકર માર્ગ મધ્યે યોજવામાં આવી છે. સર્વેને પધારવા આમંત્રણ છે.

### કલાગુર્જરીમાં બાળવિભાગનોમાતૃભાષા સંદર્ભે કાર્યક્રમ સંપન્ન

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા માતૃભાષા અંતર્ગત પ્રારંભ કરેલ બાળકો માટે એક નવા અધ્યાયનો ચોથો કાર્યક્રમ બાળકો અને વાલીઓની ભરપૂર હાજરીમાં આનંદના ઉમળકાથી સંપન્ન થયો. સાહિત્યકાર પ્રીતિ જરીવાલાએ સ્વરચિત બાળનાટક 'હું તો આવું નહીં કરું'નું પઠન કર્યું. બાળકો આ સાંભળીને આનંદથી ઝૂમી ઊઠ્યાં.પ્રમુખ પ્રિયા તુરખિયાએ સૌનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું. મેધા ત્રિવેદીએ ડૉ. પ્રીતિ જરીવાલાનો પરિચય આપ્યો. કિશોરી પરીખે અભારદર્શન કર્યું.

## જૈન સમાચાર

### શિરપુર (મહારાષ્ટ્ર)માં આ. શ્રી રાજચંદ્રસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં શ્રી યંત્રપૂજન

યોગનિષ્ઠ આ. શ્રી કેસરસૂરિશ્વરજી મ.સા. અધ્યાત્મનિષ્ઠ આ. શ્રી ચંદ્રસૂરિશ્વરજી મ.સા. સૌરાષ્ટ્ર કેસરી આ. શ્રી ભુવનરત્નસૂરિશ્વરજી મ.સા.ના દિવ્ય આશિષ સાથે ૨૦મા વરસીતપ આરાધક, સૂરીમંત્ર સમારાધક, પરમાત્મ ભક્તિ રસિક આ. શ્રી રાજચંદ્રસૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં ૧૧૫મા શ્રી યંત્રપૂજનનું તા. ૨૦-૫-૧૮ રવિવારે સ. ૭ વાગ્યે પદ્મપ્રભસ્વામી વરચેગાંવ શિરપુર વીસા શ્રીમાલી જૈન સંઘ શિરપુર સ્થળે આયોજન કરવામાં આવ્યું છે. કાર્યકુશલ મુનિરાજ શ્રી ધર્મરત્નવિજયજી મ.સા. આદિ ઠાણા, પૂ. સાધ્વીજી શ્રી કુસુમશ્રીજી મ.સા.ની શિષ્યા-પ્રશિષ્યા પૂ. સાધ્વીજી શ્રી રત્નત્રયાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૩ આ પૂજનમાં નિશ્રાપ્રદાન કરશે. પૂ. રાજચંદ્રસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણા ચાતુર્માસાર્થે પાલિતાણા તરફ વિહાર કરશે.